# મિશન મંગલમ

ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી.

બ્લોક નં.૧૬, ત્રીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

*“સામાજીક ગતિશિલતા તથા સંસ્થાકીય નિર્માણ”*

**Social Mobilization and Institution Building**

એન.આર.એલ.પી. / એન.આર.એલ.એમ. / મિશન મંગલમ

જિલ્લા તથા તાલુકાઓએ કરવાની કામગીરીના સુક્ષ્મઆયોજન

માટેની માર્ગદર્શિકા.

જુલાઇ – ૨૦૧૩

## *એન.આર.એલ.પી. / એન.આર.એલ.એમ. / મિશન મંગલમ જિલ્લા તથા તાલુકાઓએ કરવાની કામગીરીના સુક્ષ્મઆયોજન માટેની માર્ગદર્શિકા.*

**જિલ્લા કક્ષાએ :**

- જિલ્લા લાઇવલીહુડ મેનેજર તથા આસી.પ્રોજેકટ મેનેજર(ડી) તમામને ૧-૧ કલસ્ટરની જવાબદારી આપવાની રહેશે. આ તમામ સભ્ય તાલુકા ધ્વારા પસંદ કરવામાં આવેલા તાલુકાની કલસ્ટર જવાબદાર ટીમ સાથે રહી વધારાનો લક્ષ્યાંક લઇ ન્યુક્લિયસ ગામમાંથી મોબીલાઇઝેશન શરૂ કરશે.એક ગામમાં સેચ્યુરેશન થયા બાદ બીજા ગામમાં પ્રવેશ કરવાનો રહેશે.
- જિલ્લાના સ્ટાફને જવાબદારી અને કામગીરી આપતો કાર્યાલય આદેશ નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા કરવામાં આવશે તથા તેની એક નકલ અત્રેની કચેરી ખાતે મોકલવાની રહેશે.
- જિલ્લાની ટીમ દ્વારા તાલુકા ટીમને આપવામાં આવેલ કામગીરીની ચકાસણી તથા તેનું સંકલન કરવામાં આવશે. આ ઉપરાંત તાલુકા ટીમ ને આપવામાં આવેલ કામગીરી સમયસર પુર્ણ થાય તેની ખાતરી કરવાની રહેશે

**તાલુકા કક્ષાએ :**

- આ કામગીરી શરૂ કરતા પહેલા તાલુકાનું કલસ્ટરમાં વિભાજન કરવાનું રહેશે. એક ક્લસ્ટરમાં ઓછામાં ઓછા ૨૫ અને વધુમાં વધુ ૩૫ ગામોનો સમાવેશ કરી શકાશે.
- ૧ ગામ/ક્લસ્ટર/માસ (પ્રતિ તાલુકા પ્રતિ માસ 3 ગામ saturate કરવાના રહેશે તે મુજબ ૯ માસ બાદ પ્રતિ તાલુકા ૨૭ ગામો saturate કરવાના રહેશે.)
- જે ગામોમાં કાર્ય કરવાનું છે તે ગામોને શ્રેણીબધ્ધ કરવા. મધ્યમ કદની વસ્તી ધરાવતા (આશરે ૨૦૦ થી ૫૦૦ કુટુંબ) ગામડાઓને પ્રાથમિક્તા આપવી જોઇએ.
- તાલુકા ટીમ ની 3 થી ૪ પેટા ટીમ માં એવી રીતે વહેંચણી કરવી કે જેથી દરેક પેટા ટીમ માં ૨ થી 3 સભ્યો રહે. દરેક ટીમને ૧ ક્લસ્ટર ની જવાબદારી આપવામાં આવે. આ ટીમ ન્યુક્લિયસ ગામમાં થી મોબીલાઇઝેશન શરૂ કરશે.દા.ત., એક ક્લસ્ટરની ટીમમાં નીચે પ્રમાણે સભ્યો રહેશે

    - તાલુકા લાઇવલીહુડ મેનેજર – ૧
    - આસિ.તાલુકાલાઇવલીહુડ મેનેજર – ૨
    - ક્લસ્ટર કો-ઓર્ડીનેટર – ૮
    - કુલ – ૧૧
    - આ પ્રમાણે ૪ પેટા ટીમ (૨+3+3+3=૧૧)

દા.ત.: એક તાલુકાને ચાર ક્લસ્ટરમાં વિભાજીત કરવામાં આવે તો દરેક ક્લસ્ટરમાં નીચે પ્રમાણેની ટીમ બનાવી શકાશે

ઉપરોકત દર્શાવવામાં આવેલ તમામ કામગીરી આ ટીમની રહેશે.એક ગામમાં સેચ્યુરેશન થયા બાદ બીજા ગામમાં પ્રવેશ કરવાનો રહેશે.

| | |
|---|---|
| કલસ્ટર – ૧ (૩૫ ગામ)<br>જવાબદાર ટીમ<br>તાલુકા લાઇવલીહુડ મેનેજર-૧,<br>કલસ્ટર કો-ઓર્ડીનેટર-૨<br>આસી. પ્રોજેકટ મેનેજર (ડી)-૧ | કલસ્ટર – ૨ (૩૫ ગામ)<br>જવાબદાર ટીમ<br>આસીસ્ટન્ટ પ્રોજેકટ મેનેજર – ૧<br>કલસ્ટર કો-ઓર્ડીનેટર-૨<br>આસી. પ્રોજેકટ મેનેજર (ડી)-૧ |
| કલસ્ટર – ૩ (૩૫ ગામ)<br>જવાબદાર ટીમ<br>આસી.પ્રોજેકટ મેનેજર(ટી) – ૧<br>કલસ્ટર કો-ઓર્ડીનેટર-૨<br>આસી.પ્રોજેકટ મેનેજર (ડી)-૧ | કલસ્ટર – ૪ (૩૫ ગામ)<br>જવાબદાર ટીમ<br>કલસ્ટર કો-ઓર્ડીનેટર-૩<br>આસી.પ્રોજેકટ મેનેજર (ડી)-૧ |

DLM તથા APM(D) જિલ્લા તમામ તથા TLM તથા APM(T)ની તાલુકામાં વિભાજીત કરેલ તમામ કલસ્ટરની જવાબદારી

- દરેક ટીમ ૧૫ થી ૨૦ દિવસ માં ૧ ગામમાં સ્વસહાય જૂથમાં સમાવવાના બાકી હોય તેવા તમામ કુટુંબોનો સમાવેશ કરશે(Saturation Approach).
- દરેક ટીમ મહિના દરમ્યાન ગામમાં ૨૦ દિવસ રહેશે.
- સ્વસહાય જુથ ની તાલિમ માટે તાલુકા કક્ષાએ એક સેન્ટર ની ઓળખ કરવી. સ્વસહાય જુથના વિકાસ માટે રિસોર્સ સ્વસહાય જુથની ઓળખ.

- તાલુકા કક્ષાએ દેખરેખ પધ્ધતિ (Monitoring System) ઉભી કરવી. જેમાં હયાત જૂથોનું મેપીંગ, નવા રચાયેલ તથા સક્રીય કરેલ જૂથોની માહીતીની નોંધ. રિસોર્સ જૂથની નોંધ, સક્રિય મહિલા ની ઓળખ ની નોંધ, તાલીમકારોની નોંધ, સક્રિય મહિલા તથા જૂથને અપાયેલ તાલીમોની નોંધ, કોમ્યુનીટી રોસોર્સ પર્સન (CRP) તરીકે પસંદ પામેલ સક્રિય મહિલાની નોંધ કરવી જરૂરી છે.

| ક્રમ | પ્રવૃત્તિઓ | વ્યુહ રચના | લક્ષ્યાંક | જવાબદારી | સમય મર્યાદા | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સ્વસહાય જૂથની રચના | • ગામ પ્રવેશ<br>• હિતધારકો સાથે મિટીંગ<br>• ગરીબ સમુદાયની ઓળખ<br>• જૂના સ્વસહાય જૂથ સાથે મુલાકાત<br>• લક્ષીત જૂથ સાથે બેઠક<br>• પ્રેરણા પ્રવાસ<br>• જૂથ રચના કરી બેંક એકાઉન્ટ ખોલાવવુ અને નોંધણી કરવી.<br>• જૂથ રચનાની તાલીમ આપવી | ૧ કલસ્ટરમાં ૫ જૂથ | કલસ્ટર ટીમ | ગામ પ્રવેશથી એક માસમાં | • પ્રથમ વર્ષ દરમ્યાન જે ગામોને આવરી લેવાના હોય તથા saturateકરવાના હોય તેવા ગામોની ઓળખ.<br>• જે હિતધારકો કામગીરીમાં મદદરૂપ બની શકે તેવા હોય હિતધારકોની ઓળખ કરવી જોઇએ. |
| ૨ | હયાત સ્વસહાય જૂથનું મજબુતી કરણ | • હયાત જૂથોને ઓળખવા<br>• જૂથનું મુલ્યાંકન (એસેસમેન્ટ) કરવું<br>• જૂથ કયા તબક્કામાં છે તે જીવનચક્ર પ્રમાણે મુકવુ<br>• તાલીમની જરૂરીયાત ચકાસવી<br>• તાલીમ પુરી પાડવી | ૧ કલસ્ટરમાં ૫ જૂથ | કલસ્ટર ટીમ | ગામ પ્રવેશથી એક માસમાં | • આ જૂથો માંથી સક્રીય મહિલા (થનાર સીઆરપી)ની ઓળખ કરવી. |
| 3 | કોમ્યુનીટી કેડર/ સક્રિય મહિલાની | • સક્રિય સ્વસહાય જૂથો સાથે બેઠક<br>• સીઆરપીની ભૂમિકાની સમજ<br>• સક્રિય મહિલાની ઓળખ | હયાત જૂથ દિઠ–૧ | કલસ્ટર ટીમ<br>SHG | ગામ પ્રવેશથી એક માસમાં | • કોમ્યુનીટી રિસોર્સ ટ્રેનિંગ સેન્ટરની ઓળખ ઓળખવામાં આવેલ કોમ્યુનીટી કેડરની પસંદગીની પ્રક્રિયાનુંમોનીટરીંગ. |

| ક્રમ | પ્રવૃત્તિઓ | વ્યુહ રચના | લક્ષ્યાંક | જવાબદારી | સમય મર્યાદા | નોંધ |
|---|---|---|---|---|---|---|
| | ઓળખ | • એક્ટિવ વુમન ની તાલિમની જરૂરિયાત ચકાસી તાલીમ પુરી પાડવી. | | કલસ્ટર ટીમ | | • નવા ઓળખવામાં આવેલ એક્ટિવ વુમન<br>• એક્ટિવ વુમનની તાલિમની જરૂરિયાત ચકાસી તે તાલીમ આપવી<br>• તાલિમ ચાલુ હોય તેવી એક્ટિવ વુમનની સંખ્યા<br>• તાલિમ પૂર્ણ કરેલ એક્ટિવ વુમન ની સંખ્યા<br>• એક્ટિવ વુમનની કામગીરીનું વચગાળાનું મૂલ્યાંકન<br>• કોમ્યુનીટી રોસોર્સ પર્સન (CRP) તરીકે પસંદ પામેલ એક્ટિવ વુમન ની સંખ્યા |
| | | • સીઆરપી તરીકે યોગ્ય છે કે કેમ તેનું મુલ્યાંકન તથા ભલામણ | | ગ્રામ સંગઠન તથા કલસ્ટર ટીમ | | |
| | | • સીઆરપી તરીકેની નોંધણી | | સિનિયર જનરલ મેનેજરશ્રી, | | |
| ૪ | ગ્રામ સંગઠન(VO) ની રચના (દરેક ગામમાં એક ગ્રામ સંગઠનની રચના કરવાની રહેશે). | • સક્રિય સ્વસહાય જૂથોની ઓળખ<br>• જૂથો સાથે બેઠક<br>• ગ્રામ સંગઠનની ભૂમિકા વિશેની સમજ<br>• ગામના હિત ધારકો સાથે બેઠક<br>• સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો સાથે ચર્ચા<br>• લક્ષીત સ્વસહાય જૂથોનું ગ્રામ સંગઠનમાં જોડાણ<br>• છૂટી ગયેલા ગરીબ કુટુંબોનો સ્વસહાય જૂથોમાં સમાવશે | ઓછામાં ઓછા ૫ અને વધુમાં વધુ ૨૦ સ્વસહાય જૂથો વચ્ચે ૧ ગ્રામ સંગઠન | સ્વસહાય જૂથો તથા કલસ્ટર ટીમ | ગ્રામ પ્રવેશથી એક માસમાં | • ગ્રામ પ્રવેશના પ્રથમ માસમાં ગ્રામ સંગઠન રચનાની પ્રક્રિયા શરૂ કરી દેવાની રહેશે.<br>• ગ્રામ સંગઠનની રચના તથા સંચાલનની તાલીમ આપવી.<br>• ગ્રામ સંગઠનની નોંધણી |
| | | • નીતિ નિયમોનો અમલ ગઠન<br>• પેટા સમિતિઓનું નિર્માણ | | | ગ્રામ પ્રવેશથી ત્રણ માસ | |

| ક્રમ | પ્રવૃત્તિઓ | વ્યુહ રચના | લક્ષ્યાંક | જવાબદારી | સમય મર્યાદા | નોંધ |
|---|---|---|---|---|---|---|
| | | • જવાબદારી અને ભૂમિકાઓનું અમલીકરણ<br>• નવા સ્વસહાય જૂથોની રચના તથા હયાત જૂથોનું ક્ષમતાવર્ધન | | | | |
| ૫ | સ્વસહાય જૂથની તાલિમ | • તાલીમની જરૂરીયાત ઓળખવી<br>• તાલીમ મટીરીયલ તથા મોડયુલ સમજવા<br>• તમામ જૂથના તમામ સભ્યોને તાલીમ આપવી<br>• મોડયુલ પ્રમાણે ક્રમાનુસાર તાલીમ આપવી. | ગામમાં હયાત તથા નવા રચાયેલા તમામ જૂથના તમામ સભ્યો | કલસ્ટર ટીમ, ગ્રામ સંગઠન, સી.આર.પી. | ગામ પ્રવેશથી બે માસમાં | • સ્વસહાય જુથ ની તાલિમ માટે તાલુકા કક્ષાએ એક સેન્ટરની ઓળખ કરવી.<br>• સ્વસહાય જુથના વિકાસ માટે રિસોર્સ સ્વસહાય જુથની ઓળખ કરવી.<br>• ગામની બહેનોની સમયની અનૂકુળતા પ્રમાણે દિવસના બે થી ત્રણ કલાકની જ તાલીમ આયોજીત કરવી.<br>• તાલીમ દરમિયાન જૂથ ચર્ચા, રોલ પ્લે, વિડીયો ફિલ્મ, સાફલ્ય ગાથા, વગેરેનો મહત્તમ ઉપયોગ કરવો. |
| ૬ | રિસોર્સ સ્વસહાય જુથતૈયાર કરવા. | • રિસોર્સ જુથ ન્યુક્લિયસ ગામમાંથી વિકસાવવું<br>• હયાત તમામ સ્વસહાય જુથો સાથે મીટિંગ<br>• ગામના હિતધારકો સાથે મુલાકાત<br>• રિસોર્સ જુથની ઓળખ માટે સારા | ૨ જુથ પ્રતિ ગામ | કલસ્ટર ટીમ | રિસોર્સ જુથની ઓળખ ગ્રામ પ્રવેશથી એક માસ<br>રિસોર્સ જુથનીનોંધણી | <u>સારા સ્વસહાય જુથ ના લક્ષણો</u><br>1. મહિલા જુથ હોય<br>2. જુથમાં૭૦% થી વધુ ગરીબોનો સમાવેશ<br>3. જુથનું બેંક દ્વારા ગ્રેડીંગ થયેલ હોય<br>4. જુથ તમામ પ્રકારના હિસાબો/રજિસ્ટર નિયમિત નિભાવતુ હોય |

| ક્રમ | પ્રવૃત્તિઓ | વ્યુહ રચના | લક્ષ્યાંક | જવાબદારી | સમય મર્યાદા | નોંધ |
|---|---|---|---|---|---|---|
| | | સ્વસહાય જુથના લક્ષણોમાથી ૬ લક્ષણો હોવા જરૂરી છે.<br>• રિસોર્સ જુથની નોંધણી માટે જુથ દર્શાવેલા તમામ માપદંડ ધરાવતું હોવુ જોઇએ.<br>• તમામ મોડયુલની તમામ સભ્યોને તાલીમ<br>• ગ્રામ્ય સંગઠનમાં સમાવેશ<br>• રિસોર્સ જુથની નોંધણી | | | ગ્રામ પ્રવેશથી ત્રણ માસ | 5. કેશ ક્રેડિટ મંજુર થઇ હોય, તેનો ઉપાડ કર્યો હોય અને ઉપાડ કરેલ કેશ ક્રેડિટનો જુથના મોટા ભાગના સભ્યો દ્વારા ઉપયોગ કર્યો હોય અને ભરપાઇ કરી હોય. (ઓછામાં ઓછુ ૧ ભરપાઇ ચક્ર પુર્ણ કરેલ હોય)<br>6. જુથ ના સભ્યોને તાલિમ મળેલ હોય<br>7. જુથમાં ફરતુ નેતુત્વ હોય<br>8. જુથમાં નવા-નવા મુદ્દાઓની ચર્ચા થતી હોય તથા તેની મિનિટ્સ નિયમિત લખાતી હોય<br>9. જુથ દ્વારા માઇક્રો ક્રેડિટ પ્લાન (MCP) તૈયાર કરવામાં આવ્યો હોય<br>10. જુથમાં નિયમિત બેઠક થતી હોય<br>11. જુથમાં નિયમિત બચત થતી હોય<br>12. જુથમાં નિયમિત આંતરિક ધિરાણ થતુ હોય<br>13. જુથના સભ્યો દ્વારા નિયમિત પુન:ચુકવણી થતી હોય |